# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-02-2025 Day: Sunday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## પીએમ-મુલાકાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી મધ્યપ્રદેશ, બિહાર અને આસામની ત્રણ દિવસની મુલાકાતે જશે.

પ્રધાનમંત્રી આજે મધ્યપ્રદેશના બાગેશ્વર ધામ તબીબી અને વિજ્ઞાન સંશોધન સંસ્થાનું ભૂમિપૂજન કરશે. અદ્યતન ઉપકરણો અને નિષ્ણાત તબીબો સાથેની સૂચિત કેન્સર હોસ્પિટલમાં ગરીબ દર્દીઓની વિનામૂલ્યે સારવાર કરાશે. આ ઉપરાંત પ્રધાનમંત્રી ભોપાલમાં બે દિવસ માટેની વૈશ્વિક રોકાણકાર પરિષદનું ઉદ્દઘાટન કરશે.

આવતીકાલે સોમવારે શ્રી મોદી બિહારના ભાગલપુર ખાતેથી પ્રધાનમંત્રી કિસાન યોજનાના લાભાર્થીઓ માટે સહાયની રકમ વિતરણ કરશે. તેમજ બિહારમાં વિવિધ વિકાસકામોનું ઉદ્દઘાટન અને લોકાર્પણ કરશે.

-----------------------------------------------------------------------------------------

## પીએમ-મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે **11** વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------

## કેન્દ્રીય સહકાર મંત્રી : પૂણે

કેન્દ્ર સરકારે સમગ્ર દેશની સહકારી બેન્કોને આર્થિક મુશ્કેલીઓમાંથી ઉગારવા અને મદદરૂપ થવા એક અમ્બ્રેલા ઓર્ગેનાઇઝેશન એટલે છત્ર સંસ્થાની રચના કરી છે.

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે ગઇકાલે પુણેમાં જનતા સહકારી બેંકના પ્લેટિનમ જ્યુબીલી કાર્યક્રમમાં આ મુજબ જણાવ્યું હતું. ત્યારબાદ પુણેમાં યોજાયેલી પશ્ચિમ વિભાગ પરિષદની બેઠકના અધ્યક્ષસ્થાનેથી બોલતાં શ્રી શાહે સહકારી બેન્કોને નવી ટેક્નોલોજી અપનાવવા ઉપર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું સહકાર યુનિવર્સીટી વિધેયક સહકારી શિક્ષણને વધુ મજબૂત બનાવશે.

---------------------------------------------------------------------------------

## ક્રાઇમ કોન્ફરન્સ

રાજ્યમાં સાયબર ગુના, સાયબર સલામતી અને સાયબર ગુપ્તચર માટે ઉત્કૃષ્ટતા કેન્દ્ર સ્થાપવામાં આવશે એમ રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું છે. તેમણે જણાવ્યું કે, રાજ્યના પોલીસ વિભાગને વધુ મજબૂત કરવા અંદાજપત્રમાં ટેકનોલોજી અને માનવ સંશાધન પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. ભાવનગરમાં યોજાયેલી ક્રાઇમ કોન્ફરન્સમાં શ્રી સહાયે જણાવ્યું કે, બજેટમાં ગૃહ વિભાગ માટે કુલ **12** હજાર **659** કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

કોન્ફરન્સમાં રાજ્યના પોલીસ વડાએ ત્રણ નવા કાયદાના અમલીકરણની સમીક્ષા કરી હતી. તેમણે ગુજરાત પોલીસની વિવિધ પહેલ અંગે વધુ માહિતી આપી હતી.

જાન્યુઆરી માસમાં સાયબર ફ્રોડમાં પીડિતોએ ગુમાવેલા 13 કરોડ રૂપિયા પરત કરવામાં આવ્યા છે. આ કોન્ફરન્સમાં રાજકોટ, સુરત, વડોદરા, અમદાવાદના પોલીસ કમિશનરો અને રાજ્યના નવ રેન્જ આઈજી ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------

## કોચીંગ ક્લાસ-રીફંડ

કેન્દ્ર સરકારે વિવિધ સ્પર્ધાત્મક અને અન્ય પરીક્ષાઓ માટેના કોચીંગ ક્લાસીસમાં ભણતા વિદ્યાર્થીઓને આશરે દોઢ કરોડ રૂપિયાની રાહત મળે એ બાબત સુનિશ્ચિત કરી છે.

વિવિધ વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઇન દ્વારા નોંધાવેલી ફરિયાદના આધારે ગ્રાહક બાબતોના કેન્દ્રીય મંત્રાલયે **600**થી વધુ વિદ્યાર્થીઓને આર્થિક રાહત મળે તેવા પગલાં લીધાછે. વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઇન ઉપર  કેટલાક કોચીંગ ક્લાસીસ દ્વારા અપેક્ષા મુજબ અધ્યાપનકાર્ય ન થવું, વર્ગો મોડા શરૂ કરવા, અને કેટલાક અભ્યાસક્રમો રદ્દ કરવા જેવી અયોગ્ય વ્યવસાયિક પ્રવૃત્તિ થતી હોવા અંગે ફરિયાદ કરી હતી.

---------------------------------------------------------------------------------

## જુનાગઢ મહાશિવરાત્રિ મેળો, ભુજ બાઇક રેલી

પ્રયાગરાજમાં ચાલી રહેલો કુંભ મેળો અંતિમ તબક્કામાં છે ત્યારે જૂનાગઢમાં પણ **ગઇકાલે** ધ્વજારોહણ સાથે મહાશિવરાત્રીના મેળાનો પ્રારંભ થયો છે. મહાવદ નોમથી મહાવદ તેરસ સુધી ચાલનારા ધર્મ મેળામાં રાજ્યભરમાંથી અનેક શિવભક્તો આવે છે. ભવનાથ દાદાને શીશ નમાવીને મૃગીકુંડમાં શાહી સ્નાન અને દિગંબર સાધુઓની રવાડી આ મેળાનું મુખ્ય આકર્ષણ છે.

મહાશિવરાત્રીની મહા શોભાયાત્રાના પ્રચાર પ્રસાર અર્થે આજે ભુજમાં બાઈક રેલી અને સાંજે હમીરસર કાંઠે ભક્તિ સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. મહાશિવરાત્રિ નિમિત્તે ભુજમાં દરવર્ષની જેમ આ વર્ષે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવશે. શોભાયાત્રાને લઇને આયોજકો, કાર્યકરો દ્વારા તૈયારીઓ હાથ ધરાઇ છે.

---

## ક્રિકેટ

ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટમાં આજે ભારત અને પાકિસ્તાનની ટીમો વચ્ચે મહત્વનો જંગ ખેલાશે દુબઈ ખાતે ભારતે બંગલાદેશ સામેની પ્રથમ મેચમાં છ વિકેટે વિજય મેળવી વિજયી પ્રારંભ કર્યો છે જ્યારે પાકિસ્તાનની ટીમને તેની પહેલી મેચમાં ન્યૂઝિલેન્ડ ટીમ સામે **60** રને હાર ખમવી પડી છે. દુબઈ ખાતે બે દેશો વચ્ચે **28** મેચ રમાઇ છે જેમાં ભારતનો **19** મેચમાં જ્યારે પાકિસ્તાનનો **9** મેચમાં વિજય થયો છે. દરમ્યાન આજે ભારતીય સમય અનુસાર મેચનો આરંભ બપોરે અઢી વાગ્યે થશે.

---